ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126
Grams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA)

નં.આર/૧૭૫૬૪/૨૦૧૬ તા.૦૭-૧૧-૨૦૧૬

**<u>સ્મૃતિપત્ર-૧ – તાકીદનું</u>**

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અમદાવાદ શહેરની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા
ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ.

સંદર્ભ- ગુજરાત યુનિવર્સિટીના તા.૩૦-૦૭-૨૦૧૬ના પરિપત્ર અન્વયે.

શ્રીમાન,

માન.કુલપતિશ્રીના આદેશ અનુસાર આ સાથે સામેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રીના તા.૨૩-૦૯-૨૦૧૬ના પત્રની વિગતો ધ્યાને લેતાં આધાર કાર્ડ નોંધણી બાબતે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની આધાર નોંધણી કરાવી શકે તે માટે આપના તરફથી નીચે મુજબનાં ફોર્મેટમાં યાદી દિન-૪-માં મોકલી આપવા વિનંતી છે, ઉપરોકત બાબતે ટોચની અગ્રીમતા આપવા વિનંતી છે. કે જેથી જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય ઉપરોકત સમગ્ર ડેટા <u>registrar.gu53@gmail.com</u> હાર્ડકોપી સહિત તાકીદે મોકલી આપવા વિનંતી છે.

આભાર સહ,

P. M. Joshi
કા.કુલસચિવશ્રી

બિડાણ- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તા.૨૩-૯-૨૦૧૬નો પત્ર.

| વિદ્યાર્થીની કુલ સંખ્યા | આધારકાર્ડ હોય તેટલા વિદ્યાર્થીની સંખ્યા | આધારકાર્ડ ન હોય તેટલા વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| | | |

૪૭૦-૩૦૦-૧૧-૨૦૧૬

ુકેશકુમાર, આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશનર

અમદાવાદ
મ્યુનિસિપલ કોર્પોરેશન
સરદાર પટેલ ભવન, અમદાવાદ-૩૮૦૦૦૧, ભારત

મહાનગર સેવા સદન

તા.૨૩/૦૯/૨૦૧૬

પ્રતિ,
વાઈસચાન્સેલરશ્રી/રજીસ્ટ્રારશ્રી, [redacted]
ગુજરાત યુનીવર્સીટી,
અમદાવાદ.

વિષયઃ- આધાર કાર્ડ નોંધણી બાબત.
સંદર્ભઃ- ડે.સેક્રેટરી અને સ્ટેટ નોડલ ઓફીસર (યુઆઈડી) નું પત્ર નં.UID/102014/1191/S-UID CELL તા.૦૧.૦૯.૧૬, અત્રેની કચેરીનું ઈન્વર્ડ નં.૪૯૨ તા.૧૯.૦૯.૧૬

માનનીયશ્રી,

સામાન્ય વહીવટ વિભાગ (પ્લાનીંગ), સચિવાલય, ગાંધીનગરની સીધી સુચના હેઠળ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન વિસ્તારમાં આધાર નોંધણીની કાર્યવાહી હાલમાં ચાલી રહી છે. આ બાબતમાં ગુજરાત રાજ્યનાં ચીફ સેક્રેટરીશ્રી દ્વારા નિયમીત રીતે રીવ્યુ લેવામાં આવે છે, તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પણ આ કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપવામાં આવેલ છે.

આધાર નોંધણી હેઠળ નોંધાયેલ નાગરીકો/વિધાર્થીઓને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ મળતા લાભો DBT (Direct Benefit Transfer) દ્વારા આપવા માટે આધાર નોંધણી સાથે જોડવા જરૂરી છે.

આપની યુનીવર્સીટીના તાબા હેઠળ આવતી વિવિધ કોલેજોનાં જુદાંજુદાં વર્ગોમાં અભ્યાસ કરતાં તમામ વિધાર્થીઓની આધાર હેઠળ નોંધણી થયેલી હોય તે ખૂબ જ જરૂરી છે. આ માટે આપના તાબા હેઠળની કોલેજવાઈઝ આધાર કાર્ડ નોંધણી બાકી હોય તેવા વિધાર્થીઓની યાદી તૈયાર કરી તાકીદે અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી.

આપના તરફથી આધાર નોંધણી બાકી હોય તેવા વિધાર્થીઓની કોલેજવાઈઝ યાદી અત્રે મોકલી આપવામાં આવે ત્યાંર બાદ જરૂરી સંખ્યામા આધાર નોંધણી ફોર્મ અત્રેની કચેરીએથી સંબંધિત કોલેજોને મોકલી આપવામાં આવશે. ત્યાંર બાદ સંબંધિત કોલેજોનાં સક્ષમ અધિકારી દ્વારા તે ફોર્મ ભરાવી, પુરાવા સાથે તૈયાર કરી, અત્રેની કચેરીને વહેલી તકે જાણ કરે, તે મુજબની સુચના તમામ કોલેજોનાં સક્ષમ સત્તાધિકારીઓને આપવા માટે એક પરીપત્ર કરીને તેની એક નકલ અત્રે મોકલી આપવા વિનંતી, જેથી આધાર નોંધણીની કાર્યવાહી તાકીદે પૂર્ણ કરી શકાય.

આપનો વિશ્વાસુ,

(મુકેશકુમાર)
મ્યુનિસીપલ કમિશ્નર

ફોન: +૯૧-૭૯-૨૫૩૫૨૮૨૮ ઈ-મેઈલ: mc@ahmedabadcity.gov.in ફેક્સ: +૯૧-૭૯-૨૫૩૫૪૬૩૮